ચાલુ નોકરી દરમિયાન અવસાન પામતા બિન સરકારી(ગ્રાન્ટેડ) અધ્યાપન / બાલ અધ્યાપન મંદિરના વર્ગ-૩ અને વર્ગ-૪ના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના આશ્રિત કુંટુબને ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક/ટીસીએમ/૧૪૧૩/૫૭૯/ન
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૭/૬/૨૦૧૪

## વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૧/૨/૧૯૯૧ પત્ર ક્રમાંકઃ- ટીસીએમ/૧૪૮૯/૪૦(૯૧) ન
(૨) શિક્ષણ વિભાગનો તા.૧૬/૬/૯૨ના પત્ર ક્રમાંકઃ- પપશ/૧૦૯૧/૫૯૯(૯૨)ન
(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૫/૭/૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃ- રહમ/૧૦૨૦૦૯/૧૬૫૧/ક
(૪) શિક્ષણ વિભાગનો તા.૨/૧/૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ- બમશ/૧૦૧૧/૧૪૧૮/ગ

## આમુખઃ-

શિક્ષણ વિભાગના ઉપર સંદર્ભ(૧) અને (૨) ના ઠરાવથી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામતા બિન સરકારી(ગ્રાન્ટેડ) અધ્યાપન / બાલ અધ્યાપન મંદિરના વર્ગ-૩ અને વર્ગ-૪ ના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના આશ્રિત કુંટુબને રહેમરાહે નિમણૂંક આપવા અંગેની સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નકકી થયેલી નીતિ લાગુ પાડવામાં આવેલ છે.

ઉપર સંદર્ભ (૩) માં વંચાણે લીધેલા સામાન્ય વહીવટ વિભાગના તા. ૫/૭/૨૦૧૧ ના ઠરાવથી રહેમરાહે નિમણૂંક અંગેની નીતિમાં ફેરફાર કરીને ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ કર્મચારીઓના આશ્રિત કુંટુબને રહેમરાહે નિમણૂંક આપવાને બદલે ઉચ્ચક નાણાંકીય સહાય ચૂકવવા અંગેની નવી નીતિ નકકી કરવામાં આવેલ છે.

બિન સરકારી(ગ્રાન્ટેડ) અધ્યાપન/બાલ અધ્યાપન મંદિરના વર્ગ-૩ અને વર્ગ-૪ના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના કિસ્સામાં સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નકકી કરાયેલ નીતિનો અમલ કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

## ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે શિક્ષણ વિભાગના ઉકત સંદર્ભ(૧) અને (૨) સૂચનાઓ રદ કરીને ચાલુ નોકરી દરમિયાન અવસાન પામનાર બિન સરકારી(ગ્રાન્ટેડ) અધ્યાપન/બાલ અધ્યાપન મંદિરના વર્ગ-૩ અને વર્ગ-૪ના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના આશ્રિત કુંટુબના સભ્યને રહેમરાહે નિમણૂંક

આપવાને બદલે સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ (૩)માં જણાવેલ તા. ૫/૭/૨૦૧૧ ના ઠરાવથી નકકી થયેલ ઉચ્ચક નાણાકીય સહાય ચુકવવા અંગેની યોજના આથી લાગુ પાડવામાં આવે છે.

૨. આ હુકમો વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સામાન્ય વહીવટ વિભાગની તા. ૪/૧૨/૨૦૧૩ની નોંધ તથા નાણા વિભાગની તા.૭/૧/૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ.ટી.શાહ

(એમ.ટી.શાહ)

નાયબ સચિવ

શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
- માન.રાજય કક્ષાના મંત્રીશ્રી(પ્રા.શિ)ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોક નં.૧૨/૨, ડો.જીવરાજ મહેતાભવન, જુના સચિવાલય,, ગાંધીનગર
- કમિશ્નરશ્રી,શાળાઓ,ગુજરાત રાજય ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નાણા વિભાગ,(અ શાખા) સચિવાલય, ગાંધીનગર
- સામાન્ય વહીવટ વિભાગ સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી ,પેન્શન અને પ્રોવિડન્ટફંડ ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(કમિશ્નરશ્રી શાળાઓની કચેરી મારફત)
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(પ્રા.શિ.નિ.ની કચેરી મારફત)
- તમામ ચેરમેનશ્રી જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ, (પ્રા.શિ.નિ.ની કચેરી મારફત)
- તમામ ચેરમેનશ્રી નગર પ્રાથમિક સમિતિ, (પ્રા.શિ.નિ.ની કચેરી મારફત)
- તમામ બિન સરકારી અધ્યાપન/બાલ અધ્યાપન મંદિરના આચાર્યશ્રીઓ (પ્રા.શિ.નિ.ની કચેરી મારફત)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ
- સર્વે શાખાઓ શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કોમ્પ્યુટર સેલ શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ
- શાખા સિલેકટ ફાઈલ.